**-:: આંક-૦૧ તળે હુકમ ::-**

નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના હુકમ ક્રમાંક નં.Crim./1012/2026 Date: 07 March, 2026 મુજબ સદર કેસ નામદાર ટ્રાફીક કોર્ટ વડોદરામાંથી અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈને આવેલ છે. ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. હાલની ફરીયાદ પોલીસ દ્વારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં બી.એન.એસ.એસ.ની કલમ-૫૧૪ (સી.આર.પી.સી કલમ-૪૬૮) મુજબ કોગ્નિઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. ફરીયાદપક્ષે વિલંબ અંગે કોઈ કારણ કે ખુલાસો નથી, આ સંજોગોમાં અત્રેની કોર્ટ દ્વારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઈ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહીં. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ-૫૧૪ (સી.આર.પી.સી કલમ-૪૬૮) મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, હુકમ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ફેંસલ કરવામાં આવે છે.

તા: ૧૪/૦૩/૨૦૨૬
વડોદરા

(ઈફતેખારહુશેન સિદ્દિકહુશેન સૈયદ)
૧૭ મા એડી. ચીફ જયુડી.મેજી.,વડોદરા
જી.જે. ૦૧૨૧૦

(નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ વડોદરાના હુકમ મુજબ
નીમાયેલ સ્પેશ્યલ સીટીંગ કોર્ટ)